તમે ક્યાં છો?

લેખક,
ભટ્ટ રામશંકર મોનજી.
[illegible]ંદીર–અમદાવાદ.

પ્રકાશક,
"ઝવેરી મણીલાલ મોહનલાલ"
[illegible]વાડા પોળ–અમદાવાદ.

(રૂ ૦–૦–૩ ૫૦૦) સાથે લેનારને રૂ. ૫)
૨૦ કોપીઓની સાથે લેનારને ૭૫) નકલ
સંવત ૧૯૮૦ [illegible] સુદ ૧
બીજી આવૃત્તિ પ્રત ૮૦૦૦
કુલ નકલ ૨૪૦૦૦

[illegible] પ્રી. પ્રેસ અમદાવાદ.

૨

તમે ક્યાં છો ?

ભલે ગમે તે ધર્મ પાળતા હો-અગર ગમે તેવું તિલક કરતા હો-પણ ' 'તમે ક્યાં છો. ? ' તે કદિ તપાસો છો ?

દેવદર્શન કરતા હશો, માળા ફેરવતા હશો, એક દિવસમાં આઠ જગ્યાએ કથા વાર્તા પણ સાંભળતા હશો-પણ ' તમે ક્યાં છો ? ' તે કદિ તપાસો છો ?

ભલે રાજસેવા રાખતા હો, સોનાને પારણે શ્રી ઠાકોરજીને ઝુલાવતા હો, ચાંદી સોનાનાં વાસણો દેવસેવામાં વાપરતા હો, સેવામાં બેઠા પછી કોઈને અડકતા ન હો-પણ-' તમે ક્યાં છો ? ' તે કદિ વિચારો છો ?

ચારે ધામની જાત્રા કરી આવ્યા હો, યાત્રામાંથી આવીને ધામધુમથી ગંગાપુજન કર્યું હોય, સર્વે બ્રાહ્મણોને

સારી સારી ચીજો આપીને હરખાયા હો, પણ–' તમે ક્યાં છો ? ' તે તપાસો છો ?

મોટી મોટી નાતો કરીને સારા વખ[illegible] કરતા હો–તે સાથે ગગરાના કહ્યાણો પેદા કરતા હો–સગાવ્હાલામાં વાહ વાહ કહેવરાવતા હો, પણ–' તમે ક્યાં છો ? ' તે કદિ વિચારો છો ?

ભલે મોટા તખત ઉપર બેસીને મોટાં મોટાં વ્યાખ્યાનો કરતા હો, હજારો મનુષ્યો તમારા ચરણની રજ લેતા હોય, છડીદારો છડી પોકારતા હોય, [illegible] ઘીની મશાલો બળતી હોય–પણ–' તમે ક્યાં છો ? ' તે કદિ વિચારો છો ?

સારા સારા બંગલા બનાવીને તેમાં રહેતા હો, પલંગ અગર હીંચોળાખાટ સિવાય બેસતા ન હો, મોટરો સિવાય

બીજું વાહન વાપરતા પણ ન હો, મોજમજા માટે ધનના ઢગલા ઉછાળતા હો-પણ 'તમે ક્યાં છો ?' તે કદિ તપાસો છો ?

દેશપરદેશના મહાન્ પુરૂષોનો ઇતિહાસ જાણતા હો, યુરોપ અમેરિકા વિગેરે દેશોની ધાર્મીક તથા રાજદ્વારી સ્થીતિથી સંપૂર્ણ વાકેફ હો, દેશદેશના મોટાં મોટાં શહેરો ક્યાં છે તે પણ જાણતા હો-પણ 'તમે ક્યાં છો?' તે કદિ તપાસો છો ?

વકીલ અગર બેરીસ્ટર થઇને મોટા મોટા કેસો જીતતા હો, ધનનું પૂર તમારા તરફ દોડયું આવતું હોય, લોકો તમારી વાહવાહ કરતા હોય-પણ 'તમે ક્યાં છો ?' તે કદિ તપાસો છો ?

ભણી ગણીને પંડિતાઇ કરતા હો,

એમ. એ. થઇને કોઇ ઠેકાણે પ્રીન્સીપાલ હો, વેપારી થઇને લાખો કમાતા હો-અને લાખો ખોતા હો, અમલદાર થઇને ઘણા મનુષ્યો ઉપર હુકમ ચલાવતા હો, કંટ્રાકટર થઇને મોટાં મોટાં મકાન ચણાવી આપતા હો-ગમે તે ધંધો કરતા હો, સુખેથી અગર દુઃખેથી પેટ ભરતા હો, પણ-' તમે ક્યાં છો ?' તે કદિ તપાસો છો ?

(બ્હેનોને પણ પૂછીએ—)

ભલે તમે સ્ત્રી હો-સારાં સારાં વસ્ત્રો અને દાગીના મળવાથી, ઘેલાં બન્યાં હો, પતિના સુખમાં અંજાઇ ગયાં હો, બે પાંચ પુત્ર અને પુત્રોની વહુઓ તમોને બહુ માન આપતી હોય. પણ-'તમે ક્યાં છો ?' તે કદિ વિચારો છો ?

હુકામાં તમે તે ધંધો કરતા હો, અગર ગમે તે વર્ણ અગર આશ્રમમાં હો, ભલેને ભગવાં અગર ધોળાં પહેરીને ... બન્યા હો—પણ 'તમે ક્યાં છો?' તે વિચારવા જેવું છે. દરેક સ્ત્રી અગર પુરૂષે આ સવાલ અવશ્ય વિચારવો ઘટે છે.

ઉપર જણાવેલી ધાર્મિક ક્રિયા તમે કરતા હો—તો 'તે ખોટું છે, એટલે તે ન કરવી' એવું મારૂં કહેવું નથી. વ-ગતનો નકામો વ્યય કરવા કરતાં સારૂં છે, પણ રસ્તામાં રજળવું તેના કરતાં મુકામ તરફ આગળ જવાય તો ઠીક. જેમ કંસારનું જમણ કરનારને ઘી લા-વવુંજ જોઇએ, તેમ ધાર્મિક ક્રિયાઓને દીપાવવા ઇચ્છનારે, મારી નમ્ર વિનંતી સાંભળવીજ જોઇએ. સાંભળ્યા ત્યારે—

મનમાં સમજવા જેવી વાત છે. આપણા મન સિવાય આ વાત બીજાને સમજાવુ પડે તેવી નથી.

'તમે ક્યાં છો ?' એટલે તમારો દેહ ક્યાં છે, એ વાત નથી. 'તમે ક્યાં છો '. એટલે—

(૧) તમારૂં મન ક્યાં છે ? એટલે ક્યા વિષયમાં તલ્લીન છે, જેમાં તલ્લીન થયું છે. તે સત્ય અગર અસત્ય વસ્તુ છે.' એવું કદિ તપાસો છો ?

(૨) " મનુષ્ય તરીકેની મારી મુસાફરીમાં, મારૂં મોત આવે તે પહેલાં મારે જીવભાવમાંથી નીકળીને શીવભાવ (બ્રહ્મ)ને પહોંચવું છે, અને તે મુસાફરીમાં હું કેટલો આગળ વધ્યો" આવો વિચાર કદિ કર્યો છે "

ઘણી દીલગીરી સાથે જણાવવું પડે છે, કે ઘણા ગાંફલ જીવો, ઉલટા મનુષ્યત્વમાંથી નીકળીને પશુપણામાં પાછા વળતા જાય છે. ખાવું, પીવું, બાળકો પેદા કરવા, ભય આવે ત્યારે ડરવું, મોત આવે ત્યારે મરવું, વિગેરે તમામ ગુણો પશુમાં પણ હોય છે. અરે કેટલાએક જીવો તો પશુના કરતાંએ નાદાન બની ગયા છે, કારણકે દીનપ્રતદિન નવાં નવાં પાપ કરતા રહે છે–પાપથી જરાએ ડરતા નથી. તેઓ ખરેખર મોતના સપાટાને ભૂલી ગયા છે,

દોહરો.

જન્મ મરણ તણી વેદના,
નથી કાંઇ સંકટ સહેલઃ
ધંધો કરતાંરે હળી પડયો.
જેમ કાંઇ ઘાણીનો બેલ.
કરીએ શ્રીકૃષ્ણ ઉપાસના૦

આ અમારી ઉપલી વાત ગમી હોય, તો તમારી આસપાસ જે ગડબડ ચાલતી હોય તેમાંથી તમારા મનને છુટું પાડો-સાંભળો "તમે ગમે તે હો-પણ તમારે મરવું પડશે અને સાથે કાંઇ લઇ શકશો નહિ. આપણી નજરે ઘણાને હાથ ઘસતા જોયા ત્યારે આપણી પણ એજ દશા સમજવી. મરતી વખતે ભયંકર દુઃખ થશે-તેમાંથી બચાવનાર જે તમને દેખાય છે તે નથી-જેને માટે કાળાં કામ કરો છો તે પણ તમને બચાવનાર નથી; જેને માટે ભગવાનને ભૂલ્યા છો, તે પણ તમને બચાવનાર નથી મૂવા પછી પાપ ભોગવવા કોઇક ઠેકાણે અવતાર થશે, ત્યાં પણ-તમને જે દેખાય છે-જેને માટે તમે પાપ કરો છો-તે તમને બચાવનાર નથી."

ત્યારે તમને અહીં શંકા થાય કે શું અમારે ધંધો ન કરવો?

જવાબ—ધંધો કરો, પણ જ્યાં પાપ હોય ત્યાંથી પાછા ફરો, અને નવરાશ લેઇ શ્રીહરિને ભજો. બને તો પુન્ય કરજો-પણ પાપ કરશો નહીં.

સંતોષ અને શાંતિનું જેમ બને તેમ પાલન કરો. બીજાને દુઃખ થાય તેવાં વર્તનને આગ્રહ પૂર્વક દુર કરો. અને અગર વિદ્વતા જગતના હિસાબે આપણી પાસે જળ બિંદુ જેટલી છે, એમ સમજીને મદ ન કરો. કોઇની સેવા લઇને રાજી થવા કરતાં તેમની સેવા કરીને રાજી થાઓ. આપણી નિંદા આપણને ગમતી નથી તો સામાને પોતાની નિંદા નજ ગમે, તેવું સમજતાં શીખો. સાદું અને પવિત્ર જીવન ગાળવા આગ્રહ રાખો. વ્યસન તથા વિષયને ઝેર સમાન સમજી તજી દો.

ભલે હરિજન હો, ભક્ત હો, અગર વેદાંતની મોટી મોટી વાતો કરતા હો, અગર મોટા વૈષ્ણવ હો, પણ ઘડી ઘડી વારમાં ક્રોધ કરતા હો, ધન દોલત લોભના દાસ થતા હો, અને સ્ત્રી દેખીને ઘેલા થતા હો, તો ત્યાંના ત્યાંજ છો. આગળ વધવા પ્રયત્ન કરો.

ધુળનો સ્વભાવ છે કે ઉડી ઉડીને ઘરમાં આવે; પણ આપણે તેને સાવરણીથી વાળતા રહીએ છીએ. ચોકડી-મોરી-ખાળનો સ્વભાવ છે કે દુર્ગંધી આપવી, પણ આપણે ત્યાં પાણી રેડીને તેને સાફ કરતા રહીએ છીએ. તેજ નિયમાનુસાર આ સંસારમાં વિષયો, કુટેવો, મોજમજા, નિંદા, પાપ, કામ, ક્રોધ, લોભ, વિગેરે ધુળ ચારે તરફ ઉડી રહી છે. કાન અગર આંખ દ્વારા આ ધુળ હૃદયમાં પથરાતી જાય છે. સાવધાન પુરુષો

સદ્‌વિચારરૂપી સાવરણીથી આ ધુળને વાળતા રહે છે-વાળનારના જીવન આગ-ળને જુહાંજ જણાય છે. રૂડા પુરૂષોનો સમાગમ અગર રૂડા ગ્રન્થોનું અવલો-કન દીનતા અને ઉત્સાહ પૂર્વક કરવામાં આવે, તો આ વિચારરૂપી સાવરણી પ્રાપ્ત થાય. પણ તમે તો કહેશો કે-'અમને વખતજ મળતો નથી તેનુ શું?' નાતમાં જમવા જતાં વખત મળે છે, પોળના પંચમાં પડેલો નંબર રાખવા વખત મળે છે, નાતમાં પટલાઈ કરવાજતાં વખત મળે છે. સોનીને ઘેર બેસતાં વખત મળે છે, એટલે બેસીને ડાહી ડાહી વાતો કરતાં વખત મળે છે. સાંભળો—

જેને માટે રાજાઓ રાજપાટનાં સુખ છોડી નાસી જતા હતા, જેને માટે રૂષિઓ જંગલમાંજ પડયા રહેતા હતા, અને અત્યારે પણ ઘણા પવિત્ર પુરૂષો કાશી,

હરદ્વાર વિગેરે સ્થળમાં પોતાનું જીવન ગાળી રહ્યા છે; તે આનંદને માટે, એક ઘડી પણ નવરાશ ન મળે, તો આપણે મનુષ્યાવતારનો લાભ સમજી શક્યા ન- એમ કહીએ તો કાંઇ ખોટું નથી.

યાદ રાખજો કે-જેમાં તમને અત્યારે આનંદ લાગે છે, તે તો આ સિવાયના બીજા અવતારમાં પણ મળશે; મોટા માણસોના કુતરા પણ સોનાના અછોડા પહેરીને ગાડીઓમાં ફરે છે. પશુ પક્ષીઓના અવતારમાં પણ સ્ત્રી, પુત્ર અને ખોરાક તો મળી રહે છે, મોત આવશે ત્યારે વખત મળશે-કે ના પાડશો?

દોહરો—શોચિયે ગૃહી જો મોહવશ,
કરે ધર્મપથ ત્યાગ.

(મોક્ષમાળા પાનું ૨૬)

ગૃહસ્થાશ્રમમાં રહેનાર સ્ત્રી અગર રંડો, ધર્મનો ત્યાગ, કરી મોહમાં ફસાય શોક કરવા લાયક છે, પ્રભુએ ખાવા આપ્યું હોય, અને શરીર આરોગ્ય છતાં શ્રી હરિને ન ભજે, તે પરમેશ્વર ઠપકાને પાત્ર છે. સાધુ થઈને ધન તથા સ્ત્રીઓથી દૂર ન રહી શકે, તો તે સાધુ નથી; તે પણ અધમતા છે. થોડું લખ્યું ઘણું કરીને માનશોજી.

તંત્રી મોક્ષપત્રિકા.

વિનંતી—સત્સંગનો લાભ જોઈતા હોય-ઘણાં પુસ્તકોનો સાર સાંભળવો ગમતો હોય, તો અહીં મોક્ષમંદિરમાં જે કથા થાય છે તે તમારે ઘેર બેઠાં સાંભળો. આ કથા 'મોક્ષપત્રિકા' નામના માસિકમાં દર માસે પ્રગટ થાય છે. ભાષા સાદી અને સરલ છે છતાં ઉપદેશ સચોટ છે. જીવને સાચી વસ્તુનું જ્ઞાન કરાવે તેવો છે. રમુજી દાખલા દ્રષ્ટાંતથી મન

પ્રસન્ન થાય એવું છે. આખા વરસના બાર પુસ્તકોની કીંમત માત્ર રૂ. ૨) પોસ્ટેજ સાથે છે. આ પુસ્તકો સંવત ૧૯૭૬ ના મહા માસથી પ્રગટ થાય છે ૭૬ થી ૭૯ ની સાલના અંકો

પુંઠાથી પુસ્તકના રૂપમાં બંધાવીને, દરેક પુસ્તકના માત્ર રૂ. ૨-૧-૦ લઇને આપવામાં આવે છે. આવા પૈસા તો આ પાણીમાં ફેંકી દેતા હશો, પ્રથમ એક પુસ્તક લેવું અને બે રૂપેયામાં બાવીસનો ફાયદો જણાય, તો બીજાં પુસ્તક મંગાવવાં

ઉપદેશ સર્વ ધર્મી છે તેથી ગમે તે ધર્મ પાળનારને પણ ઉપયોગી છે. ચાલતા જમાનાના સ્ત્રી પુરૂષોને ખાસ ઉપયોગી છે. અમદાવાદમાં આવતા હો, તો કોઇ વખત મોક્ષમંદિરે સવારમાં ૮ થી ૯ પધારશોજી. ન આવી શકો તોપણ વેર બેસી હાંકડ કરજો, પાપથી ડરજો અને શ્રી હરિને ભજજોજી. વ્યસનને ઝેર સમજી તજજો.

બ્રાહ્મણ વાણીયા વિગેરેને ।
કર્મનાં સારાં પુસ્તકો એક આનાની ટ
મોકલવાથી મોકલવામાં આવે છે.

પ્રકાશક.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં

મોક્ષમંદિર—હાજા પટેલની પોળ
અમદાવાદ

રા. રા. માણેકલાલ ભુરાભાઈ
તાર માસ્તર સ્ટેશન-અમદાવ

મોક્ષ મંદીર—સત્સંગ મંડળ નડી
રા. રા. ચીમનલાલ ભુરાભાઈ
ડેપ્યુટી સ્ટેશન માસ્તર-નડીઆદ

રા. રા. પરભુદાસ ગંગાદાસ
રેશમવાળા રામપુરા સુ

રા. રા. નગીનદાસ ફુલચંદ ચીન
૨૬૭ મસીદ બંદરરોડ—મુંબાઈ ૯

રા. રા. બાલકૃષ્ણ નારણજી કાલ
માવજી પ્રેમજી વાડી આગળી આ
મું